# શોધગ્રંથની રૂપરેખા

આ શોધગ્રંથમાં કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં રહેલ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ કર્યું છે. આ માટે તેને સાત પ્રકરણમાં વિભાજીત કરવામાં આવ્યો છે.

**પ્રકરણ-૧: કુન્દનિકા કાપડીઆનો સર્જક તરીકે પરિચય:** કુન્દનિકા કાપડીઆનાં શૈશવથી માંડીને અનંતની યાત્રા સુધીનાં જીવનની માહિતી આ પ્રકરણમાં આપેલ છે. તેમનું બાળપણ, રસ-રુચિ, સાહિત્ય સર્જન, કવિ મકરંદ સાથેનું જીવન, સેવા સંસ્થા નંદિગ્રામ, સાહિત્ય પુરસ્કારો, સાહિત્ય વિશેનાં ખ્યાલો, અને મૃત્યુ તરફની અનંત યાત્રા જેવા મુદ્દાઓને આ પ્રકરણમાં સમાવાયા છે. તેમનાં આંતરિક અને બાહ્યજીવનની માહિતી પૂરી પાડવાના હેતુસર આ પ્રકરણ તૈયાર કરવામાં આવ્યું છે. તેમની સાથે રૂબરૂ મુલાકાત દ્વારા મળેલ માહિતીને અહીં નોંધવામાં આવી છે. અન્ય સંદર્ભ સાહિત્યનો ઉપયોગ અને અભ્યાસ કરીને આ પ્રકરણ તૈયાર કરવામાં આવ્યું છે.

**પ્રકરણ-૨: ભાવનાત્મક સંઘર્ષનું સ્વરૂપ અને વર્ગીકરણ**: આ પ્રકરણમાં ભાવનાનાં સ્વરૂપ અને તેના વડે ઉત્પન્ન થતા ભાવનાત્મક સંઘર્ષની સમજ આપી છે. સૌ પ્રથમ મનોવિજ્ઞાનની ભૂમિકા દર્શાવી છે. ત્યારબાદ તેનાં મહત્વના વિષય તરીકે 'ભાવના શું છે?' અને તે માનવશરીર પર આંતરબાહ્ય સ્વરૂપે કઈરીતે અસર કરે છે? તેની છણાવટ કરી છે. અહીં ભાવના શબ્દની ઉત્પત્તિનો ઇતિહાસ રજૂ કરાયો છે. મૂળભૂત છ ભાવનાઓની વિસ્તૃત સમજ અહીં આપેલ છે. તે ઉપરાંત અન્ય ભાવનાઓ કે જે મનુષ્યમાં સંઘર્ષની સ્થિતિ જન્માવે છે એનો ખ્યાલ આપવામાં આવ્યો છે. ભાવનાની માનસિક પ્રક્રિયાને સરળ ભાષામાં સમજાવી છે. આ વિષય પર શોધાયેલા મહત્વના સિધ્ધાંતો પણ અહીં રજૂ કરાયા છે. પ્રકરણના અંતમાં ભાવનાત્મક સંઘર્ષનો ખ્યાલ આપવામાં આવ્યો છે. એ સંઘર્ષની માનવશરીર પર થતી અસરો વિશેની માહિતી અહીં આપવામાં આવી છે. વ્યક્તિના ભાવનાત્મક સંઘર્ષને ચકાસવા માટે તેને કઈરીતે શ્રેણીમાં વિભાજીત કરી શકાય તે વર્ગીકરણ વિશે સમજાવ્યું છે. આમ, આ પ્રકરણમાં ભાવનાઓ વિશેની વિસ્તૃત સમાજ અપાયા બાદ તેનાથી ઉદ્દભવતા ભાવનાત્મક સંઘર્ષ વિશે ખ્યાલ આપવામાં આવ્યો છે.

**પ્રકરણ-૩: કુન્દનિકા કાપડીઆની કૃતિઓમાં સ્ત્રી વિષયક ભાવનાત્મક સંઘર્ષોનું સ્વરૂપ અને વર્ગીકરણ**: આ પ્રકરણમાં સૌપ્રથમ સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષનો અને સર્જકની વાર્તાસૃષ્ટિમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ સંદર્ભે વાત કરવામાં આવી છે. આ સાથે સ્ત્રીપાત્રોના સંઘર્ષને ચકાસવા માટે તેને પાંચ શ્રેણીમાં વર્ગીકૃત કરાયો છે. (૧) સ્ત્રીનો સ્વ સાથેનો સંઘર્ષ (૨) સ્ત્રીનો પુરુષ સાથેનો સંઘર્ષ (૩) સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંઘર્ષ (૪) સ્ત્રીનો સમાજ સાથેનો સંઘર્ષ (૫) સ્ત્રીનો અન્ય સાથેનો સંઘર્ષ. આ વર્ગીકરણ મુજબ દરેક વાર્તાજૂથની વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષના સ્વરૂપની વિસ્તૃત સમજ આપી છે. જૂથના અંતે સમાપનમાં વાર્તાઓનું અવલોકન કર્યા બાદની વિગતો નોંધવામાં આવી છે. અંતે સમગ્ર પ્રકરણલક્ષી સારાંશ મૂકવામાં આવ્યો છે. જેમાં સમગ્ર પ્રકરણનાં વાર્તાજૂથનું અવલોકન કરીને વિગતો તારવવામાં આવી છે. આ રીતે આ પ્રકરણમાં સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષનું પાંચ કેટેગરીમાં વર્ગીકરણ કરીને ચકાસણી કરવામાં આવી છે.

**પ્રકરણ-૪: કુન્દનિકા કાપડીઆની ચયન કરેલ કૃતિઓમાં નિરૂપિત ભાવનાત્મક સંઘર્ષોનું વિશ્લેષણ**: આ પ્રકરણમાં સૌપ્રથમ ભાવના અને ભાવનાત્મક સંઘર્ષ, ભાવના નિર્માણની પ્રક્રિયા અને ભાવનાઓના પ્રકારની માહિતી આપવામાં આવી છે. પ્રકરણના વિષયવસ્તુ માટે મુખ્યત્વે ભય, ક્રોધ, હતાશા, ઘૃણા, ઇચ્છા, પીડા, અફસોસ, તિરસ્કાર અને ઈર્ષ્યા જેવી નવ નકારાત્મક ભાવનાને અહીં સામેલ કરવામાં આવી છે. વાર્તામાં જોવા મળતી મુખ્ય ભાવના મુજબ જૂથ અહીં જૂથરચના કરેલ છે. જૂથમાં રહેલ વાર્તાઓની સંખ્યાને ધ્યાને લઈ દરેક જૂથને ચઢતાથી ઊતરતા ક્રમમાં ગોઠવાયાં છે. ત્યારબાદ દરેક જૂથની વાર્તાઓમાં રહેલ સ્ત્રીપાત્રોના ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. વાર્તાઓનું અવલોકન કરીને જૂથ સમાપન રજૂ કર્યું છે. અંતમાં સમગ્ર પ્રકરણનું અવલોકન કરીને સારાંશ તૈયાર કરવામાં આવ્યો છે. આ દ્વારા જે મુદ્દાઓ મળેલ છે તેની નોંધ અહીં કરવામાં આવી છે. સ્ત્રીપાત્રોની ભાવનાની અનુભૂતિ અને સંઘર્ષની પ્રક્રિયાને અહીં સમજાવવાનો એક પ્રયાસ છે.

**પ્રકરણ-૫: કુન્દનિકા કાપડીઆની કૃતિઓમાં રહેલ ભાવનાત્મક સંઘર્ષોના સૂચિત નિરાકરણ અને તેનું વિશ્લેષણ**: આ પ્રકરણમાં કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં રહેલ સ્ત્રીપાત્રો ભાવનાત્મક

સંઘર્ષમાંથી બહાર નીકળવા માટે કેવા પ્રયત્નો કરે છે? એ માટે કયાં પ્રકારનાં નિરાકરણો આપ્યા છે? સંઘર્ષની સ્થિતિમાં પાત્રો કઈ ચોક્કસ વર્તનક્રિયાઓ કરે છે? આ પ્રકારના પ્રશ્નોના જવાબ મેળવવાનો પ્રયાસ અહીં કરવામાં આવ્યો છે.

**પ્રકરણ-૬: કુન્દનિકા કાપડીઆની કૃતિઓમાં રહેલ ભાવનાત્મક સંઘર્ષની સાહિત્યિક લાક્ષણિકતાઓ**: આ પ્રકરણમાં શરૂઆતમાં સામાન્યલેખન કરતાં સાહિત્યિકલેખન કઈરીતે જુદું પડે છે તેની સમજ આપવામાં આવી છે. ત્યારબાદ ભાવનાત્મક સંઘર્ષને વધુ અસરકારક બનાવવા માટે વાર્તાકારે ખપમાં લીધેલ પ્રયુક્તિઓની ટૂંકમાં સમજ આપવામાં આવી છે. ભાવનાત્મક સંઘર્ષને દર્શાવવા જે પ્રયુક્તિઓનો વિશેષ ઉપયોગ થયો હોય તેવી વાર્તાઓ પ્રથમ મૂકવામાં આવી છે. આ રીતે જૂથ ગોઠવણી કર્યા બાદ વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષના નિરૂપણ માટે વિવિધ પ્રયુક્તિઓ કઈ રીતે અસરકારક બની છે તેની સમજ આ પ્રકરણમાં સામેલ છે.

**પ્રકરણ-૭: ઉપસંહાર**: આ પ્રકરણમાં સમગ્ર પ્રકરણનો નિચોડ છે. કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીવિષયક સંઘર્ષ કઈ રીતે ઉજાગર થાય છે. તેનું અધ્યયન કર્યા બાદ મળેલી માહિતીને અહીં રજૂ કરી છે. દરેક પ્રકરણમાંથી જે બાબતો ચોક્કસ નિષ્કર્ષ તરીકે મળે છે તેને અહીં નોંધવામાં આવી છે. વાર્તાઓનાં વિશ્લેષણ બાદ મળતા તારણોને અહીં નોંધવામાં આવ્યાં છે.

પ્રસ્તુત શોધગ્રંથનું કાર્ય કરવા માટે ઉપયોગમાં લીધેલ પુસ્તકો અને સંદર્ભગ્રંથોને આધારગ્રંથ સૂચિમાં દર્શાવ્યાં છે.

ભારતી બારીઆ